રજુ તારીખ :-૧૫/૦૫/૨૩
દાખલ તારીખ :-૧૫/૦૫/૨૩
ફેંસલ તારીખ :-૦૧/૦૭/૨૩
સમય ગાળો

**અમદાવાદ શહેરના મહેરબાન એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં.૬, અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન, દાણાપીઠ, અમદાવાદ.**

**ક્રિમીનલ પરચૂરણ અરજી નંબર :- ૩૫૪૬/૨૦૨૩**

**આંક :- ૧૩ .**

અરજદાર:- બળદેવભાઈ અંબાલાલ પટેલ ઉ.વ.૭૨
રહે.બી-૨૦૨,હોમ ટાઉન-૨,ખોડીયાર-માતા મંદિર પાસે,ન્યુ રાણીપ અમદાવાદ

**વિરુધ્ધ**

સામાવાળા:- ૧. રજીસ્ટ્રારશ્રી, જન્મ મરણ વિભાગ,
અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન, અમદાવાદ.

**વિષય:- જન્મ મરણ અધિનીયમની કલમ:૧૩(૩) મુજબ જન્મ નોંધણીનો હુકમ મેળવવા બાબત.**

અરજદાર તરફે વિ.વકીલશ્રી જી.એચ.ચોરસીયા

સામાવાળા તરફે વિ.વકીલશ્રી કોઈ નથી.

૧. અરજદારે હાલની અરજી જન્મ - મરણ નોંધણી અધિનીયમની કલમ: ૧૩(૩) હેઠળ પુત્રીના નામે વૈશાલી બળદેવભાઈ પટેલ ના જન્મ ની નોંધ કરાવવા માટે દાખલ કરેલ છે. અરજદારે અરજીમા એવી હકીકતો જણાવેલ છે કે, તેમની પુત્રી વૈશાલી બળદેવભાઈ પટેલ નો જન્મ તારીખ :-૧૨/૦૫/૧૯૮૦ ના રોજ શિવાનંદ હાઉ.ફ્લેટ નાગરવેલ

હનુમાન ઓઢવ અમદાવાદ મુકામે થયેલ હતો અને જે તે વખતે તેઓની શરતચુકના કારણે તેમની પુત્રીની જન્મ અંગેની નોંધ જન્મ –મરણ નોંધણી અન્વયે સામાવાળાના રેકર્ડમા કરાવવાની રહી ગયેલ છે, અને હાલ તેમની પુત્રી ના જન્મ ના દાખલાની જરુરીયાત વિદેશમાં આપવા કામ સારુ જરુરત ઉપસ્થીત થતા હાલની અરજી તેમની પુત્રી ના જન્મની નોંધ કરાવવા માટે આપેલી છે. અરજદારે અરજીમા તેમની પુત્રી ના જન્મની વિગતો નીચે મુજબ આપેલ છે.

| | |
|---|---|
| બાળકનું નામ | :– વૈશાલી બળદેવભાઈ પટેલ |
| જન્મ તારીખ | :– ૧૨/૦૫/૧૯૮૦ |
| જન્મ સ્થળ | :– શિવાનંદ હાઉ.ફ્લેટ નાગરવેલ હનુમાન ઓઢવ અમદાવાદ |
| પિતાનું નામ | :– બળદેવભાઈ અંબાલાલ પટેલ |
| માતાનું નામ | :– લીલાબેન બળદેવભાઈ પટેલ |
| જન્મ વખતે સરનામું | :– શિવાનંદ હાઉ.ફ્લેટ નાગરવેલ હનુમાન ઓઢવ અમદાવાદ |

૨. અરજીમા ઉપરોકત મુજબની વિગતો હોઈ અને જે તે વખતે અરજદાર તરફથી તેમની પુત્રીના જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, તેથી સામાવાળા અરજદારની પુત્રીના જન્મની નોંધ કરી જન્મનો દાખલો કાઢી આપે તેવી દાદ અરજદારે માંગેલ છે.

૩. આ અરજી દાખલ થતા અરજી રજીસ્ટરે નોંધવામા આવેલ છે, અને અરજી અરજદારના પુરાવા માટે રાખવામાં આવેલ છે. અરજદારે પોતાની અરજીના સમર્થનમા નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

<u>**અરજદાર તરફે રજુ થયેલ પુરાવાઓ**</u>

## –: મૌખીક પુરાવો :–

| અ. નં | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદારની સરતપાસની એફીડેવીટ | ૮ |
| ૨ | સાહેદ લીલાબેન બળદેવભાઈ પટેલ ની સરતપાસની એફીડેવીટ | ૯ |
| ૩ | સાહેદ અનિલકુમાર બાબુભાઈ વાવડિયા ની સરતપાસની એફીડેવીટ | ૧૦ |
| ૪ | સાહેદ નીતેશ હિંમતલાલ બુટાણી ની સરતપાસની એફીડેવીટ | ૧૧ |

## –: દસ્તાવેજી પુરાવો :–

| અ.નં | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અમદાવાદ મ્યુ. કોર્પો. ના જન્મ–મરણ નોંધણી વિભાગનુ નો રેકર્ડ સર્ટીફીકેટ | ૪ |
| ૨. | પાસપોર્ટની ખરી નકલ | ૫ |
| ૩ | તા.૧૦/૦૬/૨૩ નિર્મળ ગુજરાત સમાચાર પત્રમા પ્રસીધ્ધ થયેલ જાહેર નોટીસ | ૭ |

અરજદાર આંક–૧૨ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરેલ છે.

૪. આ અરજી ઈન્કવાયરી સ્વરુપની હોય જેથી અરજદારે જે સરતપાસનુ સોગંદનામુ આપેલ છે, તે પણ સી.આર. પી.સી. ની કલમ: ૨૯૬ હેઠળ ગ્રાહય હોય જેથી તેને ધ્યાને લ ેવામા આવે છે.

૫. આ કામે અરજદારના રજુ થયેલ પુરાવા જોતા આંક–૦૪ થી રજુ થયેલ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન ના જન્મ – મરણ નોંધણી વિભાગના નો રેકર્ડ સર્ટીફીકેટ મુજબ

અરજદારની પુત્રીના જન્મની નોંધણી સામાવાળાના રેકર્ડમા થયેલ નથી તેવુ ફલિત થાય છે અને આ કામે આંક–૦૫ પાસપોર્ટની ખરી નકલ. અરજદારની પુત્રીના જન્મની જન્મ તારીખ :–૧૨/૦૫/૧૯૮૦ ના રોજ થયેલ છે, અને તેની નોંધણી આ દસ્તાવેજોમા થયેલાનુ ફલિત થાય છે. આ કામે આંક– ૦૭ થી જાહેર નોટીસ રજુ થયેલ છે અને તે નોટીસના કામે કોઈ વાંધા કે તકરાર રજુ થયેલા નથી અને કાયદા મુજબ જન્મની નોંધણી સામાવાળાના સરકારી રેકર્ડમા કરાવવી જરુરી છે અને આ કામે અરજદાર તથા અરજદારના સાહેદોના આંક–૦૮ થી આંક–૧૧ મુજબના  સોગંદ ઉપરના પુરાવાની હકીકતે અરજદારની પુત્રીના જન્મ તારીખ :–૧૨/૦૫/૧૯૮૦ ના રોજ થયેલ હોવાનુ જણાઈ આવે છે તે સંજોગોમા અરજી મંજુર થવાને પાત્ર જણાતી હોય, ન્યાયના હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**:: હુકમ ::**

અરજદારની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

આ કામના સામાવાળાને એવો આદેશ કરવામાં આવે છે કે, અરજદારની પુત્રીના જન્મની નીચે મુજબની વિગતો હોય તે મુજબની વિગતો નોંધી જરુરી લેઈટ ફી વસુલ લઈ અરજદારની પુત્રીના જન્મની નોંધ કરી જન્મનો દાખલો કાઢી આપવો.

| | |
|---|---|
| બાળકનું નામ | :– વૈશાલી બળદેવભાઈ પટેલ |
| જન્મ તારીખ | :– ૧૨/૦૫/૧૯૮૦ |
| જન્મ સ્થળ | :– શિવાનંદ હાઉ.ફ્લેટ નાગરવેલ હનુમાન ઓઢવ અમદાવાદ |
| પિતાનું નામ | :– બળદેવભાઈ અંબાલાલ પટેલ |
| માતાનું નામ | :– લીલાબેન બળદેવભાઈ પટેલ |
| જન્મ | :– શિવાનંદ હાઉ.ફ્લેટ નાગરવેલ હનુમાન ઓઢવ અમદાવાદ |

વખતે સરનામું

આ હુકમની યાદી સામાવાળાને કરવી.

આજરોજ હુકમ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(વનરાજ ચૌધરી)**
**એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નંબર – ૬, અમદાવાદ.**
**જજ કોડ – જી. જે. – ૦૦૮૧૫**

**તારીખ :– ૦૧/૦૬/૨૦૨૩**
**સ્થળ :– અમદાવાદ**